

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 055
Dt.: 05-11-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# કેનેડાએ ઈમિગ્રેશન નીતિ કડક કરતાં ભારતીય વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી

## કેનેડામાં ઘૂસ મારવા માટે કરવામાં આવતી છેતરપિંડીને રોકવા માટે સખત બનાવવામાં આવેલી ઈમિગ્રેશન નીતિને કારણે આમ થયું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પરમિટ મેળવવાની પ્રક્રિયા હવે પહેલાં કરતાં વધુ જટિલ બની ગઈ છે.

તાજા ઈમિગ્રેશન આંકડાઓ દર્શાવે છે કે, ઓગસ્ટ ૨૦૨૫ મહિનામાં ભારતીય વિદ્યાર્થીઓની ૭૪ ટકા સ્ટડી વિઝા અરજીઓને નકારવામાં આવી હતી. આ આંકડો બે વર્ષ પહેલાંના દર કરતાં બમણાથી પણ વધારે છે. કેનેડામાં ઘૂસ મારવા માટે કરવામાં આવતી છેતરપિંડીને રોકવા માટે સખત બનાવવામાં આવેલી ઈમિગ્રેશન નીતિને કારણે આમ થયું છે.

એક સમય હતો જ્યારે શિક્ષણ, રોજગાર અને સ્થાયી નિવાસ કરવા ઈચ્છુક વિદેશીઓ માટે કેનેડા સૌથી પસંદગીનું સ્થળ હતું. પરંતુ ઈમિગ્રન્ટ્સના ઓચિંતા વધારા અને સિસ્ટમ પર આવેલા દબાણને કારણે કેનેડાની સરકારે પોતાની નીતિમાં બદલાવ કરવાનું શરૂ કર્યું છે. નીતિઓનો અયોગ્ય લાભ લેવાની ઘટનાઓમાં વધારો થતાં ઈમિગ્રેશન વિભાગે કડક પગલાં લેવાની ફરજ પડી છે. આ બધાં પરિબળોને કારણે હવે ઈમિગ્રન્ટ્સનું કેનેડા પ્રત્યેનું આકર્ષક ઘટી ગયું છે.

કેનેડા દ્વારા ફક્ત અસ્વીકૃતિનો દર જ નથી વધ્યો, ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા મોકલવામાં આવતી અરજીઓની સંખ્યામાં પણ તીવ્ર ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટ ૨૦૨૩માં ૨૦,૯૦૦ જેટલી અરજીઓ હતી, તે સંખ્યા ઓગસ્ટ ૨૦૨૫માં ઘટીને માત્ર ૪,૫૧૫ રહી ગઈ હતી. આ ઘટાડો સૂચવે છે કે ભારતીય વિદ્યાર્થીઓમાં કેનેડા પ્રત્યેનું આકર્ષણ અને ત્યાં અભ્યાસ કરવાની સંભાવના બંને ઘટી રહી છે. અલબત્ત, હજુ પણ કેનેડાના વિઝા માટેના અરજદારોના લિસ્ટમાં ભારતીયો જ પહેલા નંબરે છે. એ જ રીતે અરજીની અસ્વીકૃતિ પણ સૌથી વધુ ભારતીયો જ પામે છે.

ઈમિગ્રેશન રેફયુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ના અહેવાલ અનુસાર, ઓગસ્ટ ૨૦૨૫માં કેનેડા પહોંચનારા નવા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦૨૪ની સરખામણીમાં ૪૩.૧% નો ઘટાડો થયો છે. આ ફેરફાર માત્ર એક મહિનાનો નથી, પણ એક વ્યાપક ટ્રેન્ડ સૂચવે છે. ઓગસ્ટ ૨૦૨૪માં ૭૯,૭૯૫ નવા વિદ્યાર્થીઓ દાખલ થયા હતા, જે ઓગસ્ટ ૨૦૨૫માં ઘટીને ૪૫,૩૮૦ થઈ ગયા હતા.

જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ૨૦૨૪ની સરખામણીમાં લગભગ ૧૩૨,૫૦૫ ઓછા વિદ્યાર્થીઓએ કેનેડા પ્રવેશ કર્યો હતો. IRCC એ ૨૦૨૫ માટે ૩૦૫,૯૦૦ નવા વિદ્યાર્થીઓનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ જાન્યુઆરી અને ઓગસ્ટ વચ્ચે આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૨૯.૨૪% હતી.

નવા વર્ક પરમિટ ધારકોની સંખ્યા, એટલે કે જેઓ કામ કરવા માટે કેનેડા આવે છે, તેમની સંખ્યા પણ પ્રભાવિત થઈ છે. ઓગસ્ટ ૨૦૨૫માં નવા વર્ક પરમિટ ધારકોની સંખ્યા ઘટીને ૧૬,૮૯૦ થઈ ગઈ હતી. જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીમાં કુલ ૨૪૩,૯૪૫ વિદ્યાર્થીઓ અને કામચલાઉ કામદારો કેનેડા પહોંચ્યા હતા, જે ગયા વર્ષની સરખામણીમાં ૨૭૮,૯૦૦ જેટલા ઓછા છે.

●નીતિગત પરિવર્તન: કેનેડા સરકારે કામચલાઉ રહેવાસીઓની સંખ્યા કુલ વસ્તીના ૫% થી ઓછી રાખવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

●સખત ચકાસણી પ્રક્રિયા: અરજી પ્રક્રિયા ધીમી પડી છે અને નવા નિયમો હેઠળ દસ્તાવેજોની ચકાસણી વધુ સખત બનાવવામાં આવી છે.

●છેતરપિંડી વિરુદ્ધ કાર્યવાહી: છેલ્લા એક વર્ષમાં કેનેડિયન અધિકારીઓએ શિક્ષણ ક્ષેત્રે થતી છેતરપિંડી સામે કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો છે. ૨૦૨૩માં ૧,૫૫૦ બનાવટી અરજીઓ શોધી કાઢવામાં આવી હતી, જેમાંની મોટાભાગની ભારતીયો દ્વારા કરવામાં આવી હતી. ૨૦૨૪માં શરૂ કરવામાં આવેલી નવી સ્ક્રીનીંગ પ્રણાલીએ વિશ્વભરમાંથી ૧૪,૦૦૦થી વધુ શંકાસ્પદ વિઝા અરજીઓ ઓળખી કાઢી હતી.

●વિદ્યાર્થીઓની પસંદગીમાં ફેરફાર: નિષ્ણાતોનું માનવું છે કે કેનેડાની નીતિઓ કડક થતાં વિદ્યાર્થીઓ હવે અન્ય દેશોમાં જવા માટે ધ્યાન આપી રહ્યા છે, જેના કારણે પણ કેનેડાની વિઝા અરજીઓમાં ઘટાડો થયો છે.

### કોર્ટ દસ્તાવેજમાં ષડયંત્રનો ખુલાસો થયો

# અમેરિકામાં મોટો આતંકી હુમલો ટળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમેરિકા

અમેરિકામાં એક મોટો આતંકવાદી હુમલો થતો અટકાવવામાં આવ્યો છે.એ આ માહિતી આપી છે. FBIના ડિરેક્ટર કાશ પટેલે કહ્યું કે, એફબીઆઈએ એક મોટા નરસંહાર થતો અટકાવ્યો છે. મિશિગનના બે વ્યક્તિઓએ ડેટ્રોઈટ નજીક હેલોવીન આતંકી હુમલાની યોજના બનાવી હતી. તેમના ષડયંત્રમાં હથિયારો એકઠા કરવા, હુમલા માટે ટાર્ગેટ શોધવો અને ગન રેન્જની તાલીમ સામેલ હતી.ફેડરલ પ્રોસિક્યુટર્સે આ બે વ્યક્તિઓ પર મિશિગનમાં આતંકી હુમલાનું ષડયંત્ર રચીને અમેરિકામાં હુમલો કરવાની યોજના બનાવવાનો આરોપ મૂક્યો છે. આ માહિતી સોમવારે જાહેર કરાયેલા કોર્ટ દસ્તાવેજમાંથી મળી છે.

એફબીઆઈના સોગંદનામા મુજબ, મોહમ્મદ અલી અને માજિદ મહમૂદે તાજેતરના મહિનાઓમાં રાઈફલો સહિતના હથિયારો ખરીદ્યા હતા અને ઓનલાઈન વાતચીત કરી હતી. આનાથી સંકેત મળ્યા છે કે, તેઓને હુમલાના ષડયંત્રની જાણ હતી.

અલી અને મહમૂદ પર એક ફેડરલ કાયદા હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. તેમના પર હથિયારો અને દારુગોળો ટ્રાન્સફર કરવાનો પ્રયાસ અથવા ષડયંત્ર રચવાનો આરોપ લગાવાયો છે. આ આરોપ આતંકવાદી પ્રવૃત્તિઓમાં ગણવામાં આવશે. આ ઉપરાંત બંને પર ISISને મદદ કરવાનો પણ આરોપ મુકાયો છે.

સરકારી વકીલની દલીલ છે કે, આ ષડયંત્રમાં ઓછામાં ઓછા એક કિશોર સહિત પાંચ લોકો સામેલ હતા. જોકે અત્યાર સુધી માત્ર બે જ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમના પર કેસ ચાલી રહ્યો છે. કોર્ટના દસ્તાવેજો મુજબ, આ આરોપીઓએ હુમલાને પાર પાડવા માટે ISIS સંબંધિત સંદેશા શેર કરવા એક્રિપ્ટેડ મેસેજિંગ પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો હતો. બંને આરોપીઓએ હજી સુધી કોઈ દલીલ આપી નથી. અલીના વકીલે ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો અને મહમૂદના વકીલની માહિતી ઉપલબ્ધ નહોતી. બીજીતરફ એફબીઆઈના સોગંદનામામાં કહેવાયું છે કે, અમેરિકન અધિકારીઓનો આરોપ છે કે, બંને વ્યક્તિઓએ તાજેતરના અઠવાડિયામાં ગન રેન્જમાં ફાયરઆર્મ્સ ચલાવવાની ટ્રેનિંગ લીધી હતી અને એવું લાગે છે કે, તેમણે હેલોવીન પર ૩૧ ઓક્ટોબરે હુમલાની યોજના બનાવી હતી. જોકે દસ્તાવેજમાં સ્પષ્ટ ન હતું કે, કયા સ્થળે હુમલો કરવાના છે.FBI ડિરેક્ટર કાશ પટેલે એક્સ પરની એક પોસ્ટમાં કહ્યું કે, 'હેલોવીન વીકએન્ડ પર સંભવિત આતંકવાદી હુમલો થવાનો હતો, જોકે અમારા અધિકારીઓએ હુમલાને અટકાવી દીધો છે.'

બીજી તરફ, આ મામલાની જાણકારી ધરાવતા બે સૂત્રોએ કહ્યું કે, પટેલની આ પોસ્ટથી ન્યાય વિભાગે ચિંતા વ્યક્ત કરી છે કે, તપાસને જાહેરમાં લાવતા પહેલા તેને વધુ તપાસ કરવી જોઈતી હતી.

### અકાસા એરની વારાણસીથી મુંબઈ જતી ફ્લાઈટની ઘટના

# ફ્લાઈટમાં એક યાત્રીએ ટેક ઓફ પહેલા જ ઈમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો

## પાયલોટે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને જાણ કરી અને વિમાનને ટેકઓફ રનવે પરથી એપ્રોન વિસ્તારમાં પાછું લાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અકાસા એરની વારાણસીથી મુંબઈ જતી ફ્લાઈટમાં એક યાત્રીએ ટેક ઓફ પહેલા જ ઈમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો. જો કે ક્રૂની સતર્કતાને કારણે બનાવ સંભાળી લીધો હતો. ઘટના વારાણસી એરપોર્ટની છે. જ્યાં સોમવારે સાંજે હડકંપ મચ્યો હતો.

વારાણસીથી મુંબઈજતી એકાસા એર ફ્લાઈટમાં એક યાત્રીએ એક્ઝિટ ગેટ ખોલવાની કોશિશ કરી. ત્યારે જ્યારે પ્લેન ટેક ઓફ કરવાની વાર હતી. મુંબઈ જતી અકાસા એરની ફ્લાઈટમાં એક મુસાફરે ટેકઓફ પહેલાં ઈમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. આ કૃત્યથી અન્ય મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાને પગલે એરપોર્ટ સુરક્ષાને પણ સતર્ક કરવામાં આવી હતી. પાયલોટે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને જાણ કરી અને વિમાનને ટેકઓફ રનવે પરથી એપ્રોન વિસ્તારમાં પાછું લાવ્યું. ત્યારબાદ આરોપી મુસાફરની અટકાયત કરવામાં આવી.

આ ઘટના અકાસા એરની ફ્લાઈટ QP ૧૪૯૭ માં બની હતી, જે સોમવારે સાંજે ૬:૪૫ વાગ્યે વારાણસીથી મુંબઈ માટે રવાના થવાની હતી. જ્યારે વિમાન રનવે તરફ ટેક્સી કરી રહ્યું હતું, ત્યારે એક મુસાફરે અચાનક ઈમરજન્સી એક્ઝિટ લીવર ખેંચવાનો પ્રયાસ કર્યો. જોકે, ક્રૂની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ. કેબિન ક્રૂએ તાત્કાલિક પાઈલટને ચેતવણી આપી, જેમણે વિમાનને રોકવા અને સુરક્ષા તપાસ કરવાનો આદેશ આપ્યો. અકાસા એરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વારાણસીથી મુંબઈ જતી ફ્લાઈટ QP ૧૪૯૭ માં એક મુસાફરે પાર્કિંગ ૨ પર સ્થિર વિમાનમાં પરવાનગી વિના ઈમરજન્સી એક્ઝિટ દરવાજા કવર ખોલવાનો પ્રયાસ કર્યો હતો. તે વ્યક્તિની ઓળખ કરવામાં આવી હતી, અને માનક ઓપરેટિંગ પ્રોટોકોલ અનુસાર તેને ફ્લાઈટમાંથી ઉતારીને સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવ્યો હતો. બધા મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. જો કે ફ્લાઈટ રવાના થાય તે પહેલાં અમારી એન્જિનિયરિંગ ટીમ દ્વારા વિમાનનું સંપૂર્ણ નિરીક્ષણ અને ક્લિયરન્સ કરવામાં આવ્યું હતું.

# કોઈ ગુના વિના ૪૩ વર્ષ અમેરિકાની જેલમાં રહ્યો નિર્દોષ ભારતીય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાની અદાલતોએ ભારતીય મૂળના સુબ્રમણ્યમ વેદામના દેશનિકાલની પ્રક્રિયા પર રોક લગાવી દીધી છે. વેદામને હત્યાના ખોટા આરોપમાં ૪૩ વર્ષ જેલમાં રહેવું પડ્યું હતું.

જોકે, ૬૪ વર્ષીય વેદામની હત્યાની સજા આ જ વર્ષે કોર્ટે રદ કરી હતી. વેદામ કાયદેસર રીતે ૯ મહિનાની ઉંમરે પોતાના માતા-પિતા સાથે અમેરિકા આવ્યા હતા. તેમના પિતા પેન્સિલ્વેનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં શિક્ષક હતા.

ગુરૂવારે અમેરિકાના ઈમિગ્રેશન જજે આદેશ આપ્યો કે જ્યાં સુધી બોર્ડ ઓફ ઈમિગ્રેશન અપીલ્સ (BIA) તેમનો કેસ ન જુએ, ત્યાં સુધી વેદામને નિર્વાસિત કરી શકાશે નહીં. આ ઉપરાંત, તેમના વકીલોએ પેન્સિલ્વેનિયાની જિલ્લા અદાલતમાંથી પણ રાહત મેળવી છે. પરિણામે, આ મામલો હાલ પૂરતો સ્થગિત થઈ ગયો છે.

વર્ષ ૧૯૮૦માં વેદામની તેમના મિત્ર થોમસ કિન્સરની હત્યાના આરોપમાં ધરપકડ થઈ હતી. સાક્ષીઓ અને પુરાવાના અભાવ હોવા છતાં, તેમને બે વાર દોષી ઠેરવવામાં આવ્યા હતા. જોકે, ઓગસ્ટ ૨૦૨૪માં અદાલતે નવા બેલિસ્ટિક તપાસ રિપોર્ટના આધારે તેમની સજા રદ કરી. ૩ ઓક્ટોબરે જેલમાંથી મુક્ત થતા જ, ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને સીધા જ અટકાયતમાં લીધા.

### હવાઈ મુસાફરી માટે મોટા ફેરફાર

# હવાઈ મુસાફરો ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર તેમની ટિકિટ રદ કરી શકશે

## નવા પ્રસ્તાવમાં મુસાફરોને બુકિંગ બાદ ૪૮ કલાકનો લુક-ઈન સમયગાળો મળશે, જે દરમિયાન તેઓ કોઈપણ નોંધપાત્ર ફી લીધા વિના તેમની ટિકિટ કેન્સલ કરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જો તમે હવાઈ મુસાફરી કરો છો, તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે (DGCA) હવાઈ મુસાફરીમાં કેટલાક નિયમોમાં સુધારો કરવાની તૈયારી કરતાં પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ મહત્વપૂર્ણ ફેરફારો હેઠળ, હવાઈ મુસાફરો ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર તેમની ટિકિટ રદ કરી શકશે અથવા ફેરફાર કરી શકશે, અને તે પણ કોઈપણ વધારાના શુલ્ક વિના. આ પ્રસ્તાવમાં રિફંડ સંબંધિત મહત્વપૂર્ણ વિગતો પણ સામેલ છે.

એવિએશન રેગ્યુલેટર DGCA એ એક પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં ફ્લાઈટ ટિકિટ કેન્સલેશન અને રિફંડ સંબંધિત નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. DGCA ના પ્રસ્તાવ હેઠળ, હવાઈ મુસાફરોને ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર કોઈપણ વધારાના શુલ્ક વિના તેમની ટિકિટ કેન્સલ કરવાની અથવા મુસાફરીની તારીખ બદલવાની મંજૂરી આપવામાં આવી શકે છે. પ્રસ્તાવ મુજબ, ટિકિટ કેન્સલ થયા પછી રિફંડની રકમ એરલાઈનના ક્રેડિટ શેલ/વોલેટમાં જમા કરવાની પસંદગી મુસાફરની રહેશે, ડિફોલ્ટ પ્રથા અનુસરવામાં આવશે નહીં.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ રિફંડ અને કેન્સલેશન અંગે હવાઈ મુસાફરોને લાંબા સમયથી નડતી મુશ્કેલીઓને સરળ બનાવવા માટે આ ડ્રાફ્ટ નિયમો જારી કર્યા છે. નવા પ્રસ્તાવમાં મુસાફરોને બુકિંગ બાદ ૪૮ કલાકનો 'લુક-ઈન' સમયગાળો મળશે, જે દરમિયાન તેઓ કોઈપણ નોંધપાત્ર ફી લીધા વિના તેમની ટિકિટ કેન્સલ કરી શકે છે અથવા તેમાં ફેરફાર કરી શકે છે. હાલમાં, વિવિધ એરલાઈન્સ ટિકિટ કેન્સલ કરવા માટે પોતાની નિર્ધારિત ફી વસૂલે છે.

DGCA એ ટિકિટ રદ કરવા અને રિફંડના નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો છે. જો ટિકિટ ટ્રાવેલ એજન્ટ/પોર્ટલ દ્વારા ખરીદવામાં આવી હોય, તો પણ એરલાઈન્સ રિફંડ માટે જવાબદાર રહેશે. આવા એજન્ટો એરલાઈન્સના નિયુક્ત પ્રતિનિધિઓ છે. એરલાઈન્સ ખાતરી કરશે કે રિફંડ પ્રક્રિયા ૨૧ કાર્યકારી દિવસોમાં પૂર્ણ થાય.

ફ્લાઈટ ટિકિટ રિફંડ સંબંધિત નાગરિક ઉડ્ડયન આવશ્યકતાઓ (CAR) માં આ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. ૩૦ નવેમ્બર સુધી તેના માટે ભલામણો માંગવામાં આવી છે. હવાઈ મુસાફરો અને ગ્રાહક અધિકાર જૂથો લાંબા સમયથી છેલ્લી ઘડીના ફેરફારો માટે વસૂલવામાં આવતાં ઊંચા ચાર્જની ટીકા કરી રહ્યા છે. તેને તેઓ હિડન પેનલ્ટી તરીકે ઓળખાવી રહ્યા છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને DGCAનું આ પગલું અર્થપૂર્ણ ઉકેલ લાવી શકે છે. જોકે આ સુધારો હજુ ડ્રાફ્ટ તબક્કામાં છે, તેના અમલીકરણથી ભારતીય પ્રવાસીઓ એરલાઈન ટિકિટિંગ સિસ્ટમમાં કેવા ફેરફારો આવશે તે જોવાનું રહેશે.




### પ્રત્યાર્પણની આશા રાખનાર ભારતને ઝટકો

# મહાદેવ એપ કૌભાંડ કેસનો મુખ્ય આરોપી દુબઈમાંથી લાપતા

## CBI અને EDએ આ ઘટના અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી રવિ ઉપ્પલની ગેરહાજરીથી તેના ભાગી જવાની શંકા ઘેરી બની છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

૬૦૦૦ કરોડ રૂપિયાનાના મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપ કૌભાંડના મુખ્ય આરોપી અને એપનો પ્રમોટર રવિ ઉપ્પલ યુએઈમાંથી કથિત ગુમ થઈ ગયો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. યુએઈના અધિકારીઓએ ભારતીય એજન્સીઓને આ અંગેની જાણ કરી છે, જેના કારણે સીબીઆઈ, ઈડી અને છત્તીસગઢ પોલીસ દ્વારા ચાલી રહેલી તપાસને મોટો ફટકો પડ્યો છે. ઉપ્પલ અને તેના સહ-માલિક સૌરભ ચંદ્રાકર પર ગેરકાયદે સટ્ટાબાજી દ્વારા હજારો કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, આ કૌભાંડના બીજા મુખ્ય આરોપી અને સહ-માલિક સૌરભ ચંદ્રાકરને ઓક્ટોબર ૨૦૨૪માં ઈન્ટરપોલના રેડ નોટિસના આધારે યુએઈના અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યો હતો, જોકે બાદમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. ફરાર થયેલા હોવાની શંકા ધરાવતા રવિ ઉપ્પલને ડિસેમ્બર ૨૦૨૩ માં પણ યુએઈ અધિકારીઓએ ટૂંકા સમય માટે અટકાયતમાં લીધો હતો, પરંતુ ત્યારબાદ તેને મુક્ત કરી દેવાયો હતો. CBI અને EDએ આ ઘટના અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી. રવિ ઉપ્પલની ગેરહાજરીથી તેના ભાગી જવાની શંકા ઘેરી બની છે.રિપોર્ટ મુજબ, યુએઈએ પ્રત્યાર્પણની પ્રક્રિયા બંધ કરવાની શરૂઆત કરી દીધી છે. ૫૦ વર્ષથી ઓછી ઉંમરનો રવિ ઉપ્પલ સૌરભ ચંદ્રાકર સાથે મળીને ૬૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપી છે. ૨૦૧૮માં આ બંનેએ સાથે મળીને આ સટ્ટાબાજી એપ્લિકેશન શરૂ કરી હતી. ઈડીએ ચાર્જશીટમાં દાવો કર્યો છે કે, સટ્ટાબાજીનું આ સામ્રાજ્ય ઓછામાં ઓછા ૩૨૦૦ પેનલોમાં જુદા જુદા શહેરોમાં ચાલતુ હતું અને તેની રોજની કમાણી લગભગ ૨૪૦ કરોડ રૂપિયા હતી. ઉપ્પલ અને ચંદ્રાકરે દુબઈમાં તેમના લગભગ ૩૫૦૦ સ્ટાફ માટે ૨૦ બંગલા ભાડે લીધા હતા. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલનું નામ પણ આ કેસમાં સામે આવ્યું છે.

# તંત્રી લેખ......

## બદલાયેલા હવામાન-વરસાદે ખેડૂતોની હાલત બગાડી

દિવાળીની ઉજવણીનો ઉમંગ-ઉત્સાહ ઓસરે એ પછી શિયાળાનાં ધીમી ગતિએ પગરણ થાય ને ખેડૂતો રવી સિઝનમાં વ્યસ્ત બને, પણ આ વખતે ચોમાસાએ કાળો કેર વર્તાવ્યો છે. માવઠાંરૂપી ધોધમાર વરસાદે ઊભા પાકની સાથે ધરતીપુત્રોની મહેનત ધોઈ નાખી. ખેડૂતોને અને દેશને મોટું નુકસાન પહોંચ્યું છે. આ લખાય છે ત્યારે પણ દબાણની અસર હેઠળ કચ્છ-ગુજરાતમાં વરસાદ છે અને આગાહી પણ મંડરાઈ રહી છે. લોકો ત્રસ્ત અને વ્યાકુળ છે કે કુદરતને થયું છે શું? રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરિસ્થિતિની સમીક્ષા કરીને જુદા-જુદા જિલ્લાઓમાં ખેતી પાકોને થયેલા નુકસાનના સર્વે સહિતની બાબતોને પ્રાથમિકતા આપવા તાકીદ કરી છે. ઊભો પાક વરસાદ કે પૂરમાં નષ્ટ થાય, ખેતરો ધોવાઈ જાય એ નુકસાન માત્ર જે-તે ખેડૂતોનું અંગત નથી. અનાજ, શાકભાજી-બાગાયત આપણા રોજિંદા જીવનની આવશ્યકતા છે. કિસાનો બારેમાસ મહેનત કરીને અનાજ પકવે છે, તેમના ઉત્પાદનોથી દેશની સમૃદ્ધિ વધે છે. મેઘરાજાની પ્રલંબિત મહેરે આ વખતે સૌની ધીરજની કસોટી કરી છે. સત્તાવાર રીતે તો ચોમાસાએ વિદાય લીધી છે, છતાં રાજ્ય અને દેશના અનેક ભાગમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ રોજ ડોકિયું કરી જાય છે. સામાન્યપણે જૂનના પહેલાં અઠવાડિયે શરૂ થતું ચોમાસું આ વખતે મે મહિનામાં જ બેસી ગયું અને દિવાળી પતી ગઈ છતાં વણગમતા મહેમાનની જેમ વરસાદ જવાનું નામ લઈ રહ્યો નથી. અરબી સમુદ્રમાં નિર્માણ થયેલો ઓછા દબાણનો પટ્ટો, અરબી સમુદ્રના મધ્ય પૂર્વથી મધ્યપ્રદેશના પશ્ચિમ સુધી સર્જાયેલી વાદળોની સ્થિતિ અને બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણના પટ્ટાનું વાવાઝોડાંમાં થયેલું રૂપાંતર, ચોમાસા બાદ પણ વરસી રહેલા વરસાદનાં મુખ્ય કારણો છે. ઓક્ટોબરના અંત અને નવેમ્બરની શરૂઆત સુધી મુંબઈ, પશ્ચિમ મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતના ભાગોમાં વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. આ ઓછું હોય તેમ આંધ્રપ્રદેશ અને ઓડિશા જેવાં તટીય રાજ્યોમાં મોંથા વાવાઝોડાંને કારણે ધોધમાર વરસાદ ખાબક્યો, સૌરાષ્ટ્ર તથા મહારાષ્ટ્રના ખેડૂતોને મોસમ બાદના આ વરસાદનો માર સહેવાનો આવ્યો છે, તો મોન્સૂનના બદલાતા મિજાજે દેશનાં ઉત્તરનાં રાજ્યોમાં પણ ખાનાખરાબી સર્જી છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં મોન્સૂનનું સ્વરૂપ બદલાયું છે અને તેના માટે નિષ્ણાતો એક અવાજે હવામાન બદલાવને જવાબદાર ઠેરવી રહ્યા છે.

અનિયમિત વરસાદથી લઈને દુકાળ-પૂર અને વાવાઝોડાં, ટૂંકા ગાળામાં વરસતો જોરદાર વરસાદ અને વાદળ ફાટવાં જેવી ઘટનાઓ સામાન્ય થતી જોવા મળે છે. ખેડૂતોને વરસાદના આ બદલાતા મિજાજનો માર સૌથી વધુ પડ્યો છે. વિકાસનાં નામે અંધાધૂંધ થતાં બાંધકામે ઉત્તરાખંડ અને હિમાલયમાં વિનાશ વેર્યો છે.

આવામાં, દુર્ઘટનાઓ પછી રાહતકાર્યો અને મદદની સરવાણી વહેતી હોવાનું પણ ચિત્ર જોવા મળે છે, પણ આવી ઘટનાઓ અટકાવવાની દિશામાં આવશ્યક પગલાં લેવાનું ચૂકાઈ જાય છે. કુદરતી આપદાઓ રોકી શકાતી નથી, પણ પ્રતિબંધક ઉપાયો-ઉકેલો પર ધ્યાન અપાય તો તેના પ્રભાવની તીવ્રતા ચોક્કસપણે ઘટાડી શકાય છે અને અત્યારે એની જ તાતી જરૂર છે. આ સાથે ક્લાયમેટ ચેન્જની અસર ઓછી કરવાની દિશામાં સંશોધન પર ભાર આપવાનો તથા શહેરોમાં પૂર જેવી સ્થિતિ ટાળવા માટે શું કરવું જોઈએ એ અંગે પણ વિચાર થવો જોઈએ. રાજ્ય સરકાર ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે યુદ્ધની ઝડપે સંપન્ન કરાવીને યોગ્ય રાહત પહોંચાડે એ જરૂરી છે. ઋજુ હૃદયના મુખ્યમંત્રી પર ખેડૂતોની નજર મંડાયેલી રહેશે.

### નવીનતમ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન રેન્કિંગ્સ અંતર્ગત 'ફાસ્ટ મૂવિંગ' શ્રેણીમાં ગુજરાત અગ્રેસર

# ગાંધીનગર સ્પીપા ખાતે 'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત-શાસનની આવશ્યકતા' વિષય પર 'અટલ સંસ્મરણ વ્યાખ્યાનમાળા'નું ત્રીજું સત્ર યોજાયું

### ગુજરાત અન્ય ક્ષેત્રોની જેમ શાસન અને સુધારામાં પણ સમગ્ર દેશમાં અગ્રેસરઃ નીતિ આયોગના સભ્ય શ્રી રાજીવ ગૌબા




સામાન્ય વહીવટ વિભાગના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ અંતર્ગત સ્પીપા દ્વારા ધી સેક્રેટરીએટના સહયોગથી સ્પીપાના ગાંધીનગર કેમ્પસ ખાતે તા. ૦૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ 'અટલ સંસ્મરણ વ્યાખ્યાનમાળા'ના ત્રીજા સત્રનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત-શાસનની આવશ્યકતા' વિષય પર આયોજીત આ સત્રમાં વિકસિત ભારત@૨૦૪૭ અંતર્ગત અનેક મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય વકતા, નીતિ આયોગના સભ્ય અને ભારત સરકારના પૂર્વ કેબિનેટ સચિવ શ્રી રાજીવ ગૌબાએ જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી અટલ બિહારી વાજપેયીએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પ્રોજેક્ટ જેવા અનેક મહત્વપૂર્ણ ફેરફાર થકી દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. જેને આગળ ધપાવી હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક પરિવર્તનશીલ સુધારાઓ કર્યા છે. જેમાં GSTની રચના,માળખાગત સુવિધાઓનું વિસ્તરણ અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના મહત્વાકાંક્ષી વિઝનનો સમાવેશ થાય છે. નીતિ આયોગના સભ્ય શ્રી રાજીવ ગૌબાએ કહ્યું હતું કે, વિકસિત ભારત બનાવવાના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત પણ મહત્વનો ફાળો આપી રહ્યું છે. ગુજરાત અન્ય ક્ષેત્રોની જેમ શાસન અને સુધારામાં સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે. કેન્દ્ર સરકારની પ્રેરણાથી લાંબા ગાળાની વ્યૂહાત્મક વિચારસરણી માટે નીતિ આયોગની જેમ જ સંસ્થાઓ સ્થાપવામાં વિવિધ રાજ્યોને પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેમાં ગુજરાતે પ્રથમ સ્થાને રહીને ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન(GRIT)ની સ્થાપના કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત હંમેશાથી સૌથી પ્રગતિશીલ અને વ્યવસાય-મૈત્રીપૂર્ણ રાજ્ય રહ્યું છે. ભારત સરકારના નવીનતમ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન રેન્કિંગ્સમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય હતું, જે 'ફાસ્ટ મૂવિંગ' ની શ્રેણીમાં સ્થાન પામ્યું હતું.

વધુ વિગતો આપતા શ્રી રાજીવ ગૌબાએ જણાવ્યું હતું કે, CAG રિપોર્ટ-૨૦૨૩ અનુસાર ગુજરાતમાં ૧૦૧ જાહેર ક્ષેત્રના ઉપક્રમો(PSU) આવેલા છે. ગુજરાત વિદેશી સીધા રોકાણ (FDI) આકર્ષવામાં રાષ્ટ્રીય સ્તરે ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત ગુજરાત દેશના પ્રથમ વાણિજ્યિક સેમિકન્ડક્ટર અને પ્રથમ ખાનગી ક્ષેત્રની એરક્રાફ્ટ ઉત્પાદન પહેલનું યજમાન પણ રહ્યું છે. આમ, ગુજરાત વ્યવસાય સુધારણાની કાર્યવાહીમાં અન્ય રાજ્યો કરતાં સતત વધુ સારું પ્રદર્શન કરી રહ્યું છે. નીતિઓ અને રોકાણ વિશે શ્રી ગૌબાએ કહ્યું હતું કે, ગુજરાતે તાજેતરમાં તેની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર(GCC) નીતિ શરૂ કરી છે. જેનો હેતુ ૨૫૦ નવા GCCs ને આકર્ષવાનો, રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ એકત્ર કરવાનો, મૂડી સબસિડી તથા અન્ય પ્રોત્સાહનો આપીને મોટી સંખ્યામાં કુશળ નોકરીઓનું સર્જન કરવાનો છે. ગુજરાત ભારતના તમામ રાજ્યોમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે, જે તેને પોર્ટ-લેન્ડના વિકાસ માટે અને વિકસિત ભારત ૨૦૪૭ના નિર્માણ માટે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આમ, ગુજરાત દેશના શ્રેષ્ઠ રાજ્યોમાંનું એક રહ્યું છે, જે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યું છે.

આ પ્રસંગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ, સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી હારિત શુક્લા, આયોજન સચિવ શ્રીમતી આર્દ્રા અગ્રવાલ, નીતિ આયોગના OSD શ્રી મિહિર વાડેકર, પૂર્વ મુખ્ય સચિવ શ્રી જે.એન.સિંઘ સહિત સામાન્ય વહીવટ વિભાગ તથા સ્પીપાના અધિકારીશ્રીઓ - કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે નોંધનીય છે કે, દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા 'અટલ સંસ્મરણ વ્યાખ્યાનમાળા'નું સમગ્ર વર્ષ દરમિયાન આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનું આ ત્રીજું સત્ર છે.

પરિચયઃ શ્રી રાજીવ ગૌબા, IAS (નિવૃત્ત) - સભ્ય, નીતિ આયોગ

નીતિ આયોગના સભ્ય શ્રી રાજીવ ગૌબા વર્ષ ૧૯૮૨ બેચના ઝારખંડ કેડરના IAS હતા. તેમણે ઓગસ્ટ ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન કેન્દ્રીય કેબિનેટ સચિવ તરીકે સેવાઓ આપી હતી. સૌથી લાંબા સમય સુધી કાર્યરત રહેલા કેબિનેટ સચિવ તરીકે, તેમણે સૌથી ઉચ્ચ સ્તરે વ્યૂહાત્મક નેતૃત્વ પૂરું પાડ્યું હતું. દેશમાં COVID-19 મહામારી માટેની તૈયારીમાં તેમજ Ease of Doing Business જેવી વિવિધ મહત્વની પહેલોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કેબિનેટ સચિવ બનતા પહેલાં શ્રી ગૌબાએ ગૃહ સચિવ તરીકે પણ જવાબદારી સંભાળી હતી. વર્ષ ૨૦૦૧થી ૨૦૦૫ દરમિયાન તેમણે વોશિંગ્ટન સ્થિત આંતરરાષ્ટ્રીય નાણાં ફંડ (IMF)ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરના વરિષ્ઠ સલાહકાર તરીકે સેવાઓ આપી હતી. આ સમયગાળો ભારત-IMF સંબંધો માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

- જીગર બારોટ

### સ્પાયવેર તમારા ફોન કે ડિવાઈસમાં છૂપાયેલો એક ડિજિટલ જાસૂસ

# સ્પાયવેર એક પ્રકારનો સોફ્ટવેર પ્રોગ્રામ છે, જે સોફ્ટવેર હેકર્સ દ્વારા કમ્પ્યુટરમાંથી પર્સનલ ડેટા ચોરી કરવા માટે બનાવવામાં આવે છે

માહિતી બ્યુરો બોટાદ

સ્પાયવેર એક પ્રકારનો સોફ્ટવેર પ્રોગ્રામ છે, જે તમારા કમ્પ્યુટર માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આ સોફ્ટવેર હેકર્સ દ્વારા કમ્પ્યુટરમાંથી પર્સનલ ડેટા ચોરી કરવા માટે બનાવવામાં આવેલો પ્રોગ્રામ છે. હેકર્સની ભાષામાં માલવેર શબ્દનો ઉપયોગ વાયરસ, સ્પાયવેર અને વોર્મ વગેરે માટે થાય છે. આ ત્રણેય વાયરસના સ્વરૂપો છે. સ્પાયવેર તમારી પ્રાઈવેટ ફાઈલોને એક્સેસ કરી શકે છે અને તેને અન્ય ડિવાઈસમાં પર ટ્રાન્સફર કરી શકે છે. આના દ્વારા હેકર્સ તમારી માહિતી, ફોટા, વીડિયો, બેંક એકાઉન્ટની માહિતીની ચોરી કરી શકે છે. સ્પાયવેર એટેકના કારણોની વાત કરીએ તો કમ્પ્યુટર પર સ્પાયવેર એટેક થવાનાં ઘણાં કારણો છે. આનું સૌથી મોટું કારણ ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરવું છે. તમે જેટલું વધુ ડાઉનલોડ કરશો, તેટલું જ સ્પાયવેરનું જોખમ વધારે છે. સ્પાયવેર વાયરસ આપણે ઈન્ટરનેટ પરથી લઈએ છીએ તે ફાઈલો, ફોટો, વીડિયો અથવા ગીતો દ્વારા સરળતાથી આપણા ડિવાઈસ સુધી પહોંચે છે. ઘણી વખત કમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરેલાં રીમૂવેબલ ડિવાઈસ પણ સ્પાયવેરનું કારણ બની જાય છે. જો તમે તમારી સિસ્ટમમાં પેન ડ્રાઈવ અથવા મેમરી કાર્ડ લગાવો છો જેમાં પહેલાથી જ વાયરસ છે, તો તે તમારી સિસ્ટમ સુધી પહોંચી જાય છે જે ખતરનાક સાબિત થઈ શકે છે. સ્પાયવેર વાયરસ જો તમારા ડિવાઈસમાં હોય તો તેના લક્ષણો પણ તમને નજર આવશે જેમ કે જો તમારા ફોનની બેટરી અસામાન્ય રીતે ઝડપથી ખતમ થવા લાગી હોય, તો તે સ્પાયવેર હોવાનો સંકેત બની શકે છે. કારણ કે આવા સોફ્ટવેર ફોનના એવા ફિચર્સનો સતત ઉપયોગ કરે છે, જેનાં કારણે બેટરી વધુ ઝડપથી ખતમ થાય છે. સ્પાયવેર માત્ર બેટરી જ નહીં, પણ ફોનનો ઈન્ટરનેટ ડેટા પણ વાપરે છે. જો તમે ધ્યાન આપો કે તમારો મોબાઈલ ડેટા અચાનક વધુ ઝડપથી ખતમ થવા લાગ્યો છે, તો સાવચેત રહેવું જરૂરી છે. જો તમે કોઈ એપ કે ફિચર્સનો ઉપયોગ ન કરી રહ્યાં હોવ છતાં તમારા ફોનમાં માઈક, સ્પીકર અથવા રેકોર્ડિંગ દેખાવા લાગે, તો તે સ્પાયવેર હોવાનો એક મોટો સંકેત બની શકે છે. સાયબર ગુનેગારો સ્પાયવેરની મદદથી તમારી ખાનગી માહિતી ચોરી શકે છે અને પછી તે માહિતી લીક કરવાની ધમકી આપી પૈસા ઉઘરાવવાનો પ્રયાસ કરી શકે છે. ખાસ કરીને, જો તમે ઈ-બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરો છો, તો તેઓ તમારા બેંક ખાતા સાથે સાયબર છેતરપિંડી પણ કરી શકે છે. સ્પાયવેર સામે રક્ષણ આપવાની રીતોની વાત કરીએ તો, ફક્ત વિશ્વસનીય વેબસાઈટ્સ પરથી ગીતો અથવા ફોટો વગેરે ડાઉનલોડ કરવા જોઈએ.

## કચ્છનું સ્માર્ટ અને વિકાસશીલ ગામ- ભીમાસર

કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં સ્થિત ગુજરાતનું એક સ્માર્ટ અને વિકાસશીલ ગામ એટલે ભીમાસર. આ ગામમાં વસવાટ કરતાં નાગરિકોના દ્રઢ મનોબળ અને વિવિધ સરકારી યોજનાઓની મદદથી તાજેતરમાં 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ ભીમાસર ગામને ઓપન ડિફિકેશન્સ ફ્રી પ્લસ (ODF +) મોડેલ ગામનો દરજ્જો પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત અત્યારસુધીમાં ભીમાસર ગામને સમરસ ગ્રામ પંચાયત એવોર્ડ, નિર્મલ ગ્રામ પુરસ્કાર, સ્વર્ણિમ ગ્રામ પુરસ્કાર, શ્રેષ્ઠ ગ્રામ પંચાયત, મહિલા પાણી સમિતિ એવોર્ડ, સ્વચ્છ ગ્રામ પુરસ્કાર, સ્માર્ટ વિલેજ એવોર્ડ જેવા કુલ ૧૩ પ્રતિષ્ઠિત એવોર્ડ પણ મળ્યા છે. વિશ્વ બેંકના પ્રતિનિધિઓ અને નેપાળના પ્રધાનમંત્રી જેવા મહાનુભાવોએ પણ ભીમાસાર ગામના વિકાસને નિહાળવા રૂબરૂ મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના ગામડાઓ આજે વિકાસના પંથે તેજ ગતિએ આગળ વધી રહ્યા છે, ત્યારે કચ્છના ભીમાસર ગામ સહિત અનેક ગામડાઓએ પણ શહેરો જેવી સુવિધા વિકસાવીને ગ્રામ વિકાસની નવી પરિભાષા ઘડી છે. ભીમાસર ગામના મહિલા સરપંચ શ્રી દઈબેન એચ. હુંબલ કે જેમણે નારીશક્તિના દ્રઢ સંકલ્પ અને મહિલા સશક્તીકરણના શ્રેષ્ઠ ઉદાહરણ થકી ગામને એક આગવી ઓળખ આપવી છે. આ ગામમાં સ્વચ્છ ભારત મિશન અને જલ જીવન મિશન હેઠળ ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય અને નળ જોડાણની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. વધુમાં, ગામમાં કચરાના નિકાલ માટે યોજનાબદ્ધ અમલ ઉપરાંત સ્વચ્છતા અંગે જાગૃતિ માટે ભિંત ચિત્રો, નાટકો અને રેલી જેવી પ્રવૃત્તિઓના આયોજન થકી ગામ સંપૂર્ણ સ્વચ્છ રાખવામાં આવે છે.

ભીમાસર ગામના મહિલા સરપંચ અને ગ્રામજનોએ પોતાના ગામને માત્ર સ્વચ્છ જ નહીં, પણ સમૃદ્ધ બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું. જેના પરિણામે ગામના દરેક ઘરમાં શૌચાલય, વેસ્ટ નિકાલ માટે આખા ગામમાં ગટર વ્યવસ્થા, ડોર-ટૂ-ડોર વેસ્ટ કલેક્શન, જાહેર પુસ્તકાલય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પોસ્ટ ઓફિસ, બેંક, ગૌશાળા તેમજ પ્રાથમિકથી લઈ માધ્યમિક શાળા સુધીની સુવિધાઓ મળી રહી છે.

આજે ગોલબલ વોર્મિંગ સમગ્ર વિશ્વ માટે એક મોટી સમસ્યા બની છે, ત્યારે વધુમાં વધુ વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારવા માટે ગ્રામજનો દ્વારા પરિવાર દીઠ ૧૦ વૃક્ષોનું વાવેતર થકી "ગ્રીન ભીમાસર પ્રોજેક્ટ" અમલમાં મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ગામની ૨૦૦ એકર ગૌચર જમીનમાં "વ્રજ ભૂમિ ફાર્મ" બનાવીને તળાવના પાણીના ઉપયોગથી તેમાં ગાયોને ચરવા માટે ઘાસ ઉગાડવામાં આવ્યું છે. જેનાથી ગામના પશુઓને ઘાસ તો મળે જ છે, પણ ગામના જ લોકોને રોજગારી પણ મળી રહી છે. આ જમીન પર ભવિષ્યમાં દબાણ ન થાય તે માટે ફરતી બાજુ ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર કરીને આર.સી.સીના પિલર પણ ઊભા કરવામાં આવ્યા છે. વધુમાં, ગામમાં છેલ્લા ત્રણ વર્ષોમાં જાહેર-ખાનગી ભાગીદારી થકી છ નવા તળાવો બનાવવામાં આવ્યા છે, તેમજ ચાર તળાવોના ઊંડાણનું કાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આમ ભીમાસર ગામ માત્ર ગુજરાત માટે જ નહીં, પણ સમગ્ર દેશ માટે એક પ્રેરણાસ્ત્રોત છે, જે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત@૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપી રહ્યું છે. - જીગર બારોટ

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ મોરબી ખાતે દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ મહોત્સવમાં સહભાગી બન્યા



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ મોરબી ખાતે આયોજિત પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મ જયંતિ મહોત્સવ ઉજવણીમાં સહભાગી થયાહતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રી સત્સંગ-પ્રાથનામાં ઉપસ્થિત રહીને આત્મજ્ઞાનીશ્રી દીપકભાઈએ આપેલ આત્મજ્ઞાનનું પ્રવચન શ્રવણ કર્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રી તેમજ શ્રી દીપકભાઈએ આ તકે સીમંધર સ્વામી તેમજ દાદા ભગવાનને પુજન અર્ચન, આરતી ઉતારી સૌના કલ્યાણની કામના કરી હતી. મોરબીમાં આગામી ૦૯ નવેમ્બર સુધી દાદા ભગવાનની ૧૧૮મી જન્મ જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા.૦૩ નવેમ્બરના રોજ આ મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ આયોજનના દ્વિતીય દિવસે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામયી ઉપસ્થિતિમાં સત્સંગ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે પૂજા, આરતી અને દર્શનનો લ્હાવો લીધો હતો અને સમગ્ર જગતના જીવમાત્રના કલ્યાણની કામના કરીને દરેકને સાચા સુખની પ્રાપ્તિ થાય તે અર્થે પ્રાર્થના કરી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીએ આત્મજ્ઞાનીશ્રી દીપકભાઈને હાર પહેરાવી તેમના આશીર્વાદ લીધા હતા. શ્રી દીપકભાઈએ મુખ્યમંત્રીશ્રીને દાદા ભગવાનના જીવન પર આધારિત જ્ઞાની પુરુષ પુસ્તક ભાગ-૬ અર્પણ કર્યું હતું. આત્મજ્ઞાની શ્રી દીપકભાઈએ આત્મા વગરનાં શરીર, કર્મ, કર્તાની ભાવના, દુનિયાના દુખોથી મુક્તિ, શુધ્ધ આત્મા, માનવ અને આધુનિક ટેકનોલોજીથી સજ્જ આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ, (એઆઈ) ક્ષણે ક્ષણે જાગૃતિની ભાવના કેળવવા સહિત જ્ઞાનની પ્રેરક વાતો આ સત્સંગમાં કરી હતી. આ વેળાએ શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજયમંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘી, રાજ્યસભાના સાંસદશ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, મેઘજીભાઈ ચાવડા, પૂર્વ મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરી, મોરબી મહાનગર પાલિકાના કમિશ્નરશ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મુકેશ પટેલ, અગ્રણીશ્રી જયંતીભાઈ રાજકોટિયા, શ્રી દાદાભગવાનના અનુયાયીઓ તથા મોરબીવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ફીટ ઈન્ડીયા-ફીટ મીડીયા અંતર્ગત હિંમતનગર રેડક્રોસ ખાતે મીડીયા કર્મીઓ માટે હેલ્થ સ્ક્રીનીંગ કાર્યક્રમનુ સફળ આયોજન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




ગુજરાત સરકાર અને ગુજરાત રેડ ક્રોસના સંયુકત ઉપક્રમે ફીટ ઈન્ડીયા-ફીટ મીડીયા અભિયાન અંતર્ગત હિંમતનગર રેડ ક્રોસ ખાતે સાબરકાંઠા જિલ્લાના મીડીયા કર્મચારીઓ માટે હેલ્થ સ્ક્રીનીંગ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમ દરમિયાન મીડીયા કર્મચારીઓનુ સામાન્ય સ્વાસ્થ્ય તપાસ, બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, ઈસીજી, એકસરે, હિમોગ્લોબીન વગેરેની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય જાગૃતિ વધારવાના હેતુથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. સ્વસ્થ્ય મીડીયા કર્મચારીઓ સ્વસ્થ્ય સમાજ નિર્માણમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે. તેમણે સૌને સ્વસ્થ્ય જીવનશૈલી અપનાવી નિયમિત આરોગ્ય તપાસ કરાવવાની પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં રેડક્રોસના વાઈસ ચેરમેન ડો. વી એ ગોપલાણી , નાયબ માહિતી નિયામક શ્રી જીગરભાઈ ખુંટ, કારોબારી સભ્ય સતિષભાઈ શાહ, કારોબારી સભ્ય સર્જનસિંહ જેતાવત, કારોબારી સભ્ય વિપુલભાઈ સાંખલા, કારોબારી સભ્ય હિતેશભાઈ સાંખલા, રોનકભાઈ શાહ, પત્રકારો, મેડીકલ સ્ટાફ અને માહિતી ખાતાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૪૪૯ અને ચાંદીના વાયદામાં રૂ.૧૬૩૫નો ઘટાડોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૯૯ લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૬૬૧.૩૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૩૮૦૮.૨૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૨૪૬.૦૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૪૦૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૦૪૭૧.૩૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૬૬૧.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૩૮૦૮.૨૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧.૦૨ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૪૦૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૬૦૦.૦૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૨૪૬.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦૮૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૧૧૩૫ અને નીચામાં રૂ.૧૧૯૮૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૨૧૪૦૯ના આગલા બંધ સામે રૂ.૪૪૯ ઘટી રૂ.૧૨૦૯૬૦ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯૧ ઘટી રૂ.૯૭૮૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટી રૂ.૧૨૨૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૫ ઘટી રૂ.૧૧૯૯૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૧૧૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૧૪૪૦ અને નીચામાં રૂ.૧૨૦૪૭૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૬૪૬ના આગલા બંધ સામે રૂ.૪૭૬ ઘટી રૂ.૧૨૧૧૭૦ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૬૪૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૭૨૩૦ અને નીચામાં રૂ.૧૪૫૨૬૨ના મથાળે અથડાઈ, રૂ.૧૪૭૭૫૮ના આગલા બંધ સામે રૂ.૧૬૩૫ ઘટી રૂ.૧૪૬૧૨૩ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૮૪૭ ઘટી રૂ.૧૪૮૩૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૮૩૪ ઘટી રૂ.૧૪૮૨૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૨૫૮૦.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૧૨.૧ ઘટી રૂ.૯૯૭.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો ૯૫ પૈસા ઘટી રૂ.૩૦૩.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૧.૭૫ ઘટી રૂ.૨૭૨.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૮૨.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૮૬૯.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૨૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૨૭૩ અને નીચામાં રૂ.૩૧૮૩ના મથાળે અથડાઈ, રૂ.૨૭ ઘટી રૂ.૩૨૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૧૨ અને નીચામાં રૂ.૫૩૩૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૪૭ના આગલા બંધ સામે રૂ.૯૯ ઘટી રૂ.૫૩૪૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૯૬ ઘટી રૂ.૫૩૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૮ ઘટી રૂ.૩૭૩.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૪.૬ ઘટી રૂ.૩૭૩.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૮.૯ના ભાવે ખૂલી, રૂ.૧.૩ વધી રૂ.૯૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૦ વધી રૂ.૨૫૯૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૧ વધી રૂ.૨૭૦૫ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૩૧૯૭.૪૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૮૦૪૮.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૨૦૦૧.૬૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૯.૪૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૨.૬૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૩૧.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૨૮.૫૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧.૮૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૩૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૧૩ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૫૪૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૦૯૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૬૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૪૧૪૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૯૮૮૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૮૬૧૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૪૨૭૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૧૫૮૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૪૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૫૮૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૬૮૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૪૨૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૮૪૨૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૨૦૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૬૪ પોઈન્ટ ઘટી ૨૮૪૦૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૯ ઘટી રૂ.૧૧૫.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪ ઘટી રૂ.૧૮.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮.૫ ઘટી રૂ.૪૮૨ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૩૮ ઘટી રૂ.૧૨૪૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯.૧૨ ઘટી રૂ.૧૬.૧૯ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૨ પૈસા ઘટી રૂ.૪.૬૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૧.૫૫ ઘટી રૂ.૯૮.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ ઘટી રૂ.૧૮.૩ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૫ ઘટી રૂ.૨૯૬૧ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૧૧ ઘટી રૂ.૩૫૯૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૮ વધી રૂ.૧૧૫.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯ વધી રૂ.૧૯.૦૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯.૫ વધી રૂ.૭૫૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૧.૫ વધી રૂ.૨૩૩૪ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૧૧ વધી રૂ.૧૯ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૩.૭ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧.૫ વધી રૂ.૧૭૧.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૩૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૨૧.૭ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૧ વધી રૂ.૨૫૪૬.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૧૪૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૯૭ વધી રૂ.૪૧૩૦.૫ના ભાવે બોલાયો હતો.

# જનરલ મેનેજર પશ્ચિમ રેલવે શ્રી વિવેક કુમાર ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનમાં રેલવે પ્રોજેક્ટ્સ અને વિકાસ કાર્યો અંગે સમીક્ષા બેઠક યોજી





પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં અમદાવાદ ડિવિઝન પર ચાલી રહેલા વિવિધ રેલ્વે પ્રોજેક્ટ્સ, નિર્માણ અને પુનર્વિકાસના કાર્યોની પ્રગતિ અંગે વિસ્તૃત સમીક્ષા બેઠક કરી. જનરલ મેનેજરે આ દરમિયાન અમદાવાદ, સાબરમતી અને ભુજ સ્ટેશનો પર ચાલી રહેલા રી ડેવલોપમેન્ટ કાર્ય ની પ્રગતિ, આદરજ મોટી-વિજાપુર ગેજ પરિવર્તન, સાબરમતી-અસારવા વાય કનેક્ટિવિટી, ગાંધીધામ-આદિપુર લાઈનનું ચૌહરિકરણ, સામખ્યાલી- ગાંધીધામ ચૌહરિકરણ, અમદાવાદ યાર્ડ રિમોડેલિંગ, વટવા-અમદાવાદ-સાબરમતી ચોથી લાઈન, નલિયા-જખૌ પોર્ટ નવી લાઈન વગેરે પ્રોજેક્ટ્સના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી.બેઠકમાં જનરલ મેનેજર શ્રી ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનમાં ચાલી રહેલા સ્ટેશન રી ડેવલોપમેન્ટ કર્યો, રોડ ઓવરબ્રિજ (આરઓબી), રોડ અંડરબ્રિજ (આરયુબી), પેસેન્જર સુવિધા અપગ્રેડ, સુરક્ષા અને પરિચાલન સુધાર કાર્યોની મુદ્દાવાર સમીક્ષા કરી. તેમણે અધિકારીઓ પાસેથી દરેક પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ, તેના પૂર્ણતા લક્ષ્ય, આવનારા કોઈપણ તકનીકી અથવા પ્રશાસનિક અવરોધો અને તેના નિરાકરણ માટે લેવામાં આવી રહેલા પગલાં વિશે પૂછપરછ કરી. તેમણે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે તમામ નિર્માણ કાર્યો નિર્ધારિત સમય - મર્યાદામાં ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવામાં આવે, જેથી યાત્રીઓને બહેતર સુવિધાઓ મળી શકે અને પરિચાલન કાર્યક્ષમતામાં વધારો થાય. તેમણે એમ પણ જણાવ્યું હતું કે પ્રોજેક્ટ્સનું નિયમિત નિરીક્ષણ કરવામાં આવે અને કાર્યસ્થળ પર સલામતીના ધોરણોનું પાલન એ ટોચની પ્રાથમિકતાની સાથે સુનિશ્ચિત કરવામાં આવે.

બેઠક દરમિયાન, શ્રી ગુપ્તાએ અમદાવાદ ડિવિઝન માં ગેજ રૂપાંતર અને નવી રેલ લાઈન નિર્માણ પ્રોજેક્ટ્સની પ્રગતિ પર પણ ખાસ ધ્યાન આપ્યું. તેમણે વિસ્તૃત રૂપે જાણ્યું કે કયા સેક્સનમાં કેટલું કામ પૂર્ણ થયેલુ છે, કેટલું કાર્ય બાકી છે અને નિર્ધારિત સમયમાં તેને પૂર્ણ કરવાની યોજના શું છે.પશ્ચિમ રેલ્વે નિરંતર યાત્રીઓની સુવિધા, સુરક્ષા અને માળખાગત વિકાસ ના ક્ષેત્ર માં નવા ધોરણો સ્થાપિત કરી રહ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બધા અધિકારીઓ સમયસર નિર્ધારિત લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરશે. આ પ્રસંગે, મંડળ રેલ પ્રબંધક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (નિર્માણ ),ચીફ પ્રોજેક્ટ મેનેજર (નિર્માણ), ચીફ પ્રોજેક્ટ મેનેજર **(RLDA)** સહિત ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ અને મુખ્ય મથકના પ્રિન્સિપલ ચીફ ઓફિસરો હાજર રહ્યા હતા.

## આઈકોનિક અટલ બ્રિજઃ છેલ્લા ત્રણ વર્ષમાં ૭૭.૭૧ લાખથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી, રૂા.૨૭ કરોડથી વધુની આવક

ભારતના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદમાં સાબરમતી નદી પર નિર્મિત આઈકોનિક અટલબ્રિજ આજે અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દિવાળી વેકેશન હોય કે ઉનાળાનું વેકેશન, આ અટલ ફૂટ ઓવર બ્રિજ લોકો માટે ફરવાનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ અટલબ્રિજને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો હતો. **SRFDCL** (સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ.) દ્વારા આપવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના સમયમાં કુલ ૭૭,૭૧,૨૬૯ લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂા.૨૭.૭૦ કરોડથી વધુની આવક પણ થઈ છે, જે અમદાવાદના ટુરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન શહેર છે, જે આધુનિકીકરણ સાથે જૂના વારસાને પણ સાચવીને બેઠું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરની મુલાકાતે આવતા પ્રવાસીઓને એક અભૂતપૂર્વ અનુભવ પ્રદાન કરવા માટે વિવિધ પ્રવાસન આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો છે. ગાંધી આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેકફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ શહેરની જૂની પોળ સંસ્કૃતિ, અમદાવાદ હેરિટેજ વૉક વગેરે પ્રવાસન આકર્ષણોની મુલાકાત લેવા લાખો પ્રવાસીઓ અમદાવાદ આવે છે. તેમાં પણ અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે.

અટલ બ્રિજની મુલાકાત લેનાર પ્રવાસીઓની વર્ષવાર આંકડાકીય વિગત

**SRFDCL** (સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ) એ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન **(AMC)**ની કંપની છે, અને અટલ બ્રિજનું બાંધકામ આ કંપની દ્વારા કરવામાં આવ્યું છે. **SRFDCL** દ્વારા આપવામાં આવેલા વર્ષવાર આંકડાઓની વિગતવાર વાત કરીએ તો, ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમિયાન ૨૧.૬૨ લાખ પ્રવાસીઓએ અટલ બ્રિજની મુલાકાત લીધી હતી, જેનાથી રૂા.૬.૪૪ કરોડ આવક થઈ હતી. એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ દરમિયાન ૨૬.૮૯ લાખ મુલાકાતીઓ થકી રૂા.૮.૨૪ કરોડની તેમજ એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ દરમિયાન ૨૦.૬૭ લાખ મુલાકાતીઓ થકી રૂા.૮.૧૯ કરોડની આવક થઈ હતી. એપ્રિલ ૨૦૨૫ થી ઑક્ટોબર ૨૦૨૫ સુધીમાં ૮.૫૧ લાખ મુલાકાતીઓ અટલ બ્રિજની મુલાકાત લઈ ચૂક્યા છે, જેનાથી અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશનને રૂા.૪.૮૨ કરોડની આવક થઈ છે.આ આઈકોનિક અટલ બ્રિજ અંદાજે રૂા.૭૪ કરોડનો ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. અત્યારસુધીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અટલ બ્રિજ થકી રૂા.૨૭.૭૦ કરોડની આવક થઈ ચૂકી છે. આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અટલબ્રિજ પાછળ કરેલા કુલ ખર્ચના ૩૭ ટકાથી વધુ રકમ વસૂલ થઈ ગઈ છે.

# પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે



પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના મુજબ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ (સોમવાર)ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે.

અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે ૧૫.૧૨.૨૦૨૫ ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/ કૌટુંબિક પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ પિનકોડઃ ૩૮૨૩૪૫માં ૨૧.૧૧.૨૦૨૫ સુધી સબમિટ કરી શકે છે. કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, **PPO** નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો.

## અમદાવાદમાં બેવડી ઋતુના કારણે રોગચાળો વકર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ઓક્ટોબર મહિનામાં પાણીજન્ય અને વાહકજન્ય રોગોના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આરોગ્ય વિભાગના આંકડા અનુસાર, માત્ર એક જ મહિનામાં ઝાડા-ઉલટીના ૨૪૧ કેસ, કમળા **(Hepatitis)**ના ૧૯૯ કેસ અને ટાઈફોઈડના ૨૨૭ કેસ નોંધાયા છે.


આ ત્રણેય પાણીજન્ય રોગોના કુલ કેસનો આંકડો ૬૬૭૫૨ પહોંચ્યો છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે શહેરમાં પાણીના શુદ્ધિકરણ અને વિતરણ વ્યવસ્થામાં ક્યાંક ખામી છે. રોગચાળો વકરવાનું મુખ્ય કારણ બેવડી ઋતુ (દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડક) ને પણ ગણાવવામાં આવી રહ્યું છે, જેના કારણે વાયરલ અને બેક્ટેરિયલ ચેપ ઝડપથી ફેલાય છે. પાણીજન્ય રોગોની સાથે સાથે, મચ્છરજન્ય અને સામાન્ય વાયરલ કેસોમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. ઓક્ટોબર ૨૦૨૫માં ડેન્ગ્યુના ૨૫૩ કેસ નોંધાયા છે, જે શહેરમાં મચ્છર નિયંત્રણ અને ફોગિંગની કામગીરી પર સવાલ ઉઠાવે છે. આ ઉપરાંત, શરદી, ઉધરસ અને તાવ જેવા સામાન્ય વાયરલ કેસોની સંખ્યા ૧,૨૦૦થી પણ વધુ નોંધાઈ છે, જે શહેરના આરોગ્ય તંત્ર પરનું ભારણ વધારી રહી છે. આટલી મોટી સંખ્યામાં કેસ નોંધાતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન **(AMC)** માટે સ્વચ્છતા અને રોગ નિયંત્રણની કામગીરી એક મોટો પડકાર બની છે.

શહેરના જાહેર આરોગ્ય નિષ્ણાતોએ નાગરિકોને જાગૃત રહેવાની અને તકેદારી રાખવાની અપીલ કરી છે. પાણીજન્ય રોગોથી બચવા માટે પાણીને ઉકાળીને પીવું, બહારના ખુલ્લા ખોરાકનો ત્યાગ કરવો અને સ્વચ્છતાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું આવશ્યક છે.

આ ઉપરાંત, ડેન્ગ્યુના વધતા કેસોને ધ્યાનમાં રાખીને ઘરમાં કે આસપાસ પાણીનો ભરાવો ન થાય તેની ખાસ તકેદારી રાખવી જોઈએ.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત નવેમ્બર – ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

નવેમ્બર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ (ઉપલબ્ધિ મુજબ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# ખેડુતો માટે ઐતિહાસિક રાહત પેકેજ આપવાની તૈયારી : ગાંધીનગર મુખ્યમંત્રીના નિવાસસ્થાને સવારથી બેઠકોનો ધમધમાટ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



તાજેતરમાં ગુજરાતમાં આવેલા કમોસમી વરસાદને કારણે ખેડુતોને હજારો કરોડનુ નુકશાન થયુ છે. મગફળી , કપાસ સહિત અન્ય ખરીફ પાકમાં ભારે નુકશાન થયુ છે. જગતનો તાત સંકટનો સામનો કરી રહ્યો છે. તેવામાં ખેડુતોને રાહત આપવા માટે રાજય સરકારે તૈયારી કરી લીધી છે. આજે એટલે કે બુધવારે રાજય સરકાર ખેડુતો માટે ઐતિહાસિક રાહત પેકેજની જાહેરાત કરી શકે છે.

કમોસમી વરસાદને કારણે ખેડુતોને થયેલા નુકશાન બાદ રાહત પેકેજ આપવા માટે રાજય સરકારે તૈયારી કરી લીધી છે. ખેડુતોને કઈ રીતે સહાય આપવી તે અંગે ચર્ચા માટે આજે મંગળવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નિવાસસ્થાને ૫ કલાક કરતા વધુ સમય બેઠકો ચાલી હતી.

આ બેઠકોમાં ખેડુતોને રાહત આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સામે આવેલી જાણકારી પ્રમાણે રાજય સરકાર ખેડુતો માટે ગુજરાતના ઈતિહાસનુ સૌથી મોટુ રાહત પેકેજ જાહેર કરી શકે છે. રાજય સરકાર નિયમોથી ઉપરવટ જઈને રાહત પેકેજ આપી શકે છે.

રાજયના ખેડુતોને અન્યાય ન થાય તે માટે આ પ્રકારનુ રાહત પેકેજ રહી શકે છે. રાજય સરકાર દ્વારા અન્ય રાજયોના રાહત પેકેજોનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. આજે બુધવારે રાહત પેકેજના નિયમો અને કામગીરીની જાહેરાત કરવામાં આવી શકે છે. આજે મંગળવારે ગાંધીનગર ખાતે કમોસમી વરસાદથી થયેલા નુકશાન બાદ સહાય આપવા અંગે બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુ વાઘાણી સહિત મંત્રીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. તાજેતરમાં આવેલા કમોસમી વરસાદને કારણે ગુજરાતના ૨૪૯ તાલુકાના ૧૬ હજાર થી વધુ ગામોમાં પાકને નુકશાન થયુ છે. પ્રાથમિક સર્વે માં ૨ હજાર કરોડના નુકશાનનો અંદાજ હતો, પરંતુ જેમ જેમ સરવે ની કામગીરી વધી તેમ નુકશાનનો આંકડો મોટો હતો.

રાજયમાં કમોસમી વરસાદને કારણે લાખો હેકટર જમીનના વાવેતરને નુકશાન થયુ છે. એક અંદાજ મુજબ ખેડુતોને ૧૦ હજાર કરોડથી વધુ નુ નુકશાન થયુ છે.

# રેશનીંગ દુકાનધારકોની હડતાળ સમેટવા તંત્રનો સધન પ્રયાસ : ત્રીજીવાર અધિકારી સ્તરે બોલાવી બેઠકઃ નિયામક દ્વારા આગેવાનોને તેડુ મોકલાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયભરના રેશનીંગ દુકાનધારકોની હડતાળ આજે ચોથા દિવસે પણ યથાવત રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના ગ્રાહકોની હાલાકી વધી છે. આવશ્યક ચીજ વસ્તુઓ મેળવવામાં વિલંબ થવાથી સામાન્ય જનજીવન પર ગંભીર અસર પડી રહી છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સરકારનુ અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ હડતાળનો તાત્કાલીક ઉકેલ લાવવા સક્રિય બન્યુ છે. હડતાળ શરૂ થયાના માત્ર ૪ દિવસમાં જ વિભાગ દ્વારા આ ત્રીજી વાર બેઠક બોલાવવામાં આવી છે. જે સરકારની ગંભીરતા દર્શાવે છે. અગાઉ મંત્રી સ્તરે પણ બેઠક યોજાઈ હતી પરંતુ કોઈ નકકર પરીણામ ન આવતા હવે અધિકારીઓએ કમાન સંભાળી છે. હડતાળ સમેટવાના ભાગરૂપે અન્ન અને નાગરીક પુરવઠા વિભાગના નિયામકે રેશન વિતરકોના આગેવાનોને તાત્કાલીક ગાંધીનગર પહોચવા જણાવ્યુ છે. નિયામકની કચેરી ખાતે આ મહત્વપૂર્ણ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. મંત્રી સાથેની બેઠક નિષ્ફળ ગયા બાદ હવે અધિકારીઓની ટીમ વિતરકો સાથે વાટો ઘાટો કરીને તેમની માંગણીઓ અને સમસ્યાઓને સમજવાનો અને તેનો સ્વીકાર્ય ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે. આ બેઠકમાં વિતરકો દ્વારા કરવામાં આવેલી મુખ્ય માંગણીઓ, જેમ કે કમિશનમાં વધારો, વહિવટી સરળતા અને અન્ય સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા થવાની શકયતા છે. હડતાળના આ ચોથા દિવસે મળેલી આ બેઠક પર સૌની નજર ટકેલી છે. સરકાર અને વિતરકો બંને પક્ષે સકારાત્મક વલણ અપનાવવામાં આવે તો આ વિવાદનો અંત આવી શકે છે. રાજયના લાખો ગરીબ પરીવારો માટે રેશનીંગ સેવાઓનુ વહેલી તકે પુનઃ સ્થાપન થવુ ખુબ જ જરૂરી છે. જો બેઠક સફળ થશે તો ગ્રાહકોને પડેલી મુશ્કેલીઓનો અંત આવશે અને આગામી દિવસોમાં તેમને તેમનો અનાજનો જથ્થો નિયમિત રીતે મળી શકશે. વહિવટી તંત્ર આ બેઠકમાં કોઈક સકારાત્મક નિર્ણય લઈને હડતાળ સમેટી લેવામાં સફળ થાય તેવી પ્રબળ સંભાવના છે.

# ધારાસભ્ય હાર્દિક પટેલ વધુ એક વખત કોર્ટમાં રહ્યા ગેરહાજરઃ સતત ૩ મુદતમાં ગેરહાજર રહ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપના વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલને આજે મંગળવારે હાઈકોર્ટમાં હાજર થવાનુ હતુ પરંતુ તેઓ વધુ એકવાર નિકોલમાં નોંધાયેલા કેસ મામલે કોર્ટની મુદતમાં ગેરહાજર રહ્યા હતા. હાર્દિક પટેલ અગાઉ પણ કાર્યવાહી દરમિયાન હાજર ન રહેતા કોર્ટે વોરન્ટ કાઢયુ હતું.

જો કે તે સમયે હાર્દિક પટેલે હાઈકોર્ટમાં અરજી કરી કાર્યવાહીમાં હાજર રહેવાની ખાત્રી આપી વોરન્ટ રદ કરાવ્યુ હતું. આવી સ્થિતિ હોવા છતાં કોર્ટમાં બાંહેધરી બાદ પણ હાર્દિક પટેલ સતત ૩ મુદતમાં ગેરહાજર રહ્યા છે. આજથી ૧૦ વરસ અગાઉ ૨૦૧૫ માં પાટીદાર અનામત આંદોલન દરમિયાન નિકોલમાં પ્રતિક ઉપવાસ મામલે હાર્દિક પટેલ સામે ગુન્હો નોંધાયો હતો. તે દરમિયાન હાર્દિક પટેલ સામે પરવાનગી વિના ધરણા, લોકોને ઉશ્કેરવા અને પોલીસને ગાળો બોલવા સહિતના મામલે ગુન્હો નોંધાયો હતો.



# ગુજરાતમાં ફેમીલી કોર્ટમાં કેસોમાં બમણો વધારોઃ રોજેરોજ સરેરાશ ૧૭૦ દંપત્તિ પહોચે છે ફેમીલી કોર્ટમાં છુટાછેડા માટે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતની ફેમીલી કોર્ટમાં નોંધાતા કેસમાં એક વરસમાં બમણો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૩ માં ૨૭, ૧૯૪ સામે વર્ષે ૨૦૨૪ માં ૬૨૧૪૬ જેટલા કેસ ફેમીલી કોર્ટમાં નોંધાયા હતા. એક વર્ષમાં ફેમીલી કોર્ટમાં સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજયમાં ગુજરાત ચોથા સ્થાને છે. વર્ષ ૨૦૨૪ માં ગુજરાતની ફેમીલી કોર્ટમાં ૬૨૧૪૬ કેસ નોંધાયા હતા. જેના ઉપરથી કહી શકાય કે રોજેરોજ સરેરાશ ૧૭૦ જેટલા કેસ ફેમીલી કોર્ટમાં નોંધાય છે. વર્ષ ૨૦૨૪ ના અંતે ગુજરાતની ફેમીલી કોર્ટમાં ૫૧૯૯૯ કેસ પેન્ડીંગ હતા. વર્ષ ૨૦૨૪ માં સમગ્ર દેશની વાત કરવામાં આવે તો સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં ઉત્તર પ્રદેશ ૧.૮૮ લાખ સાથે મોખરે, પંજાબ ૫૫૫૪૭ સાથે બીજા, કેરળ ૪૫૬૨૮ સાથે ત્રીજા, ગુજરાત ચોથા સ્થાને છે. અન્ય મોટા રાજયમાંથી મહારાષ્ટ્રમાં ૩૦૨૩૬, મધ્ય પ્રદેશમાં ૩૨૮૭૪, રાજસ્થાનમાં ૩૪૧૭૪ કેસ નોંધાઈ ચુકયા છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૩.૯૮ લાખ, કેરળમાં ૧.૦૯ લાખ, પંજાબમાં ૭૭૬૦૪ જેટલા પેન્ડીંગ કેસ છે. સમગ્ર દેશની ૮૪૮ ફેમીલી કોર્ટમાં ૬.૪૩ લાખ કેસ નોંધાયા છે. ૧૨.૪૨ લાખ પેન્ડીંગ છે. જયારે ૬.૮૫ લાખ કેસનો નિકાલ થયેલો છે.

નિષ્ણાંતોના મતે છેલ્લા કેટલાક સમયથી દંપત્તિમાં નાની તકરાર મોટુ સ્વરૂપ ધારણ કરવા લાગે છે અને તે છેવટે છુટાછેડામાં પરીણમે છે. દંપત્તિમાં સમજણનો સેતુ સતત તુટી રહ્યો છે અને બંનેમાંથી જાણે કોઈ અહમની દિવાલ તોડવા માટે તૈયાર નથી. વર્તમાન સમયમાં મહિલા અને પુરુષની પ્રાથમિકતા બદલાઈ છે. મોબાઈલ, સોશીયલ મીડીયામાં વધુ પડતો સમય તણાવનુ કારણ છે, નાની નાની વાતોમાં સાસુ સસરા સાથે અણબનાવના કિસ્સા વધ્યા છે, છેલ્લા ૫ થી ૧૦ વરસમાં આવતા કેસમાં ૩૦ થી ૪૦ ટકા કેસ ૪૦ થી ૫૦ વરસની વય જુથના લોકોના છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષિત વર્ગમાં છુટાછેડાના પ્રમાણમાં વધારો થયો છે. શહેરની ફેમીલી કોર્ટ પડતર છુટાછેડાના કેસમાં અરજી કરનારા ૫૦ થી ૬૫ ટકા પતિ છે, ફેમીલી કોર્ટમાં પેન્ડીંગ કુલ કેસમાંથી ૬૦ હજાર માં તો પતિએ છુટાછેડા માંગ્યા છે.

# ખેડુતોના માથા ઉપરથી માવઠાનુ સંકટ દુરઃ રવિ પાક માટે સ્થિતિ અનુકુળ

પ્રતિનિધિ,ગાંધીનગર




શિયાળાની શરૂઆતે આવેલા ભયંકર માવઠાએ જગતના તાતના મોં સુધી આવેલો કોળીયો છીનવી લીધો છે. ચોમાસુ પાક તો ધોવાઈ ગયો પરંતુ એક બાદ એક આવી રહેલા માવઠાના કારણે રવિ પાકનુ કયારે વાવેતર કરવુ તેની ચિંતામાં ખેડુતો હતા, પરંતુ હવે ખેડુતો કયારથી રવિ પાકનુ વાવેતર કરી શકશે.

આખરે છેલ્લા ઘણા સમયથી ખેડુતો જેની રાહ જોઈ રહ્યા હતા, તે સમય આવી ગયો, ગુજરાતનુ હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ બંનેએ આગાહી કરી છે કે હવે ખેડુતોના માથેથી માવઠારૂપી સંકટના વાદળો દુર થશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૫ નવેમ્બર થી ૧૦ નવેમ્બર સુધી વરસાદ થવાની કોઈ સંભાવના નથી. જેથી સુર્યદેવના સ્પષ્ટ દર્શન થઈ શકશે, માત્ર હવામાન વિભાગ નહી, હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી દીધી છે કે જગતના તાત પરથી સંકટ હવે હટી જવાનુ છે, અંબાલાલ પટેલની આગાહીની વાત કરીએ તો હવે વાદળો વિખેરાશે અને તડકો નિકળશે. રવિ પાક માટે વાતાવરણ સાનુકુળ થશે, ૭ નવેમ્બર થી ઠંડા પવનો ફુંકાશે, રવિ પાક માટે વાતાવરણ સ્વચ્છ બનશે, ૧૫ નવેમ્બર સુધીમાં વાવેતર કરી શકાશે, રવિ પાક માટે લાંબા સમય સુધી વાતાવરણ સારૂ રહેશે, ખેડુતોના માથેથી સંકટના વાદળ દુર થવાની આગાહી થઈ ગઈ છે. ખેડુતો તડકો નિકળતા રવિ પાકોનુ વાવેતર પણ કરી શકશે. પરંતુ અંબાલાલ પટેલે વધુ એક આગાહી કરી છે કે ૧૮ નવેમ્બર થી બંગાળના ઉપસાગરમાં હવાનુ હળવુ દબાણ ઉભુ થતા ૨૩ મી સુધીમાં ભારે ચક્રવાત બની શકે છે. જેના લીધે તારીખ ૨૩ થી ૨૬ મી વચ્ચે ફરી ખેડુતોના માથે માવઠાની આફત આવી શકે છે.

# અમદાવાદમાં કોંગ્રેસના ફાર્મ હાઉસ ઉપર યોજાયો ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમઃ કાર્યક્રમ આવ્યો વિવાદમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ દ્વારા દિવાળી બાદ ઠેર ઠેર સ્નેહમિલનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

આ સ્નેહમિલનના કાર્યક્રમોમાં કેટલાક ઠેંકાણે જુથવાદ ની સાથે સાથે હવે કોગ્રેસના ફાર્મ હાઉસો ઉપર ભાજપના સ્નેહમિલનના કાર્યક્રમો યોજાતા વિવાદાસ્પદ બન્યા છે.

અમદાવાદના બહેરામપુરા વોર્ડ માં ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમ વિવાદમાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને કોર્પોરેટરો દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવેલા ફાર્મમાં ભાજપનુ સ્નેહમિલન યોજાયુ હતું.

એમ ડી ફાર્મ પર બહેરામપુરા વોર્ડનુ ભાજપનુ સ્નેહમિલન યોજાયુ. શહેરના પીરાણા રોડ પરના એમ ડી ફાર્મ પર બહેરામપુરા વોર્ડનુ ભાજપનુ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયુ હતું. આ ફાર્મનુ ઉદ્‌ઘાટન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કર્યુ હતુ. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ બાદ સ્નેહમિલનનો કાર્યક્રમ વિવાદમાં વકર્યો છે.



# કચ્છ ભાજપના આગેવાન રીસોર્ટમાં પરીણીતા સાથે પકડાતા ભારે ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર



માત્ર ભારતમાં જ નહી પરંતુ આખી દુનિયામાં જે રાજકીય પાર્ટીને શિસ્તબધ્ધ અને સંસ્કારી માનવામાં આવે છે તે ભારતીય જનતા પાર્ટીનુ છેલ્લા ૩ દિવસથી મીડીયામાં ચરિત્ર્યહરણ થઈ રહ્યુ છે. છતાં પાર્ટીનો કોઈ નેતા આ મામલે મીડીયા સામે બોલવા તૈયાર નથી.

ગુજરાતના કચ્છ જિલ્લાની વાત છે, કચ્છ ભાજપના ઉપપ્રમુખ અને સામાજિક અગ્રણી એક મહિલા સાથે રીસોર્ટ માં પકડાઈ ગયા હોવાના મીડીયા રીપોર્ટ થી ખળભળાટ મચી ગયો છે. કચ્છ ભાજપના ઉચ્ચ હોદ્દેદાર રીસોર્ટ માં ભુજના એક કોરીયોગ્રાફરની પત્ની સાથે પકડાઈ ગયા હતા. જેમાં ૯૦ લાખ જેટલી મસમોટી રકમ મહિલાના પતિને આપ્યા પછી મામલો રફેદફે કરી દેવામાં આવ્યો હોવાનો પણ દાવો પણ કરવામાં આવ્યો છે. સૌથી વધુ ચોંકાવનારી વાત એવી પણ બહાર આવી છે કે કચ્છ જિલ્લાના અમુક મીડીયાના માણસોએ પણ આ વહેંતી ગંગામાં હાથ ધોઈ નાખ્યા હોય તે રીતે પાંચ થી સાડા અગીયાર લાખ રૂપીયા સુધીનો મેળ કરી લીધો છે. મામલો બે દિવસથી કચ્છમાં ચર્ચામાં છે. છતાં આ ઘટના પાત્રો અને કચ્છ ભાજપ આ મુદ્દે ચુપ છે. રીપોર્ટ મુજબ કચ્છ ભાજપના નેતા ભુજની પાસે આવેલા એક રીસોર્ટમાં એક મહિલા સાથે હતા ત્યારે તેનો પતિ ત્યાં આવી ગયો હતો. બંનેને એક સાથે જોઈને મહિલાના પતિએ માથાકુટ કરી હતી.

છેવટે મામલો ૯૦ લાખમાં સેટ કરી દેવામાં આવ્યો હતો. આ મામલે કચ્છ ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદે મીડીયાનો કોલ રીસીવ કર્યો હતો. પરંતુ તેઓ ગુજરાત ભાજપ પ્રમુખ વિશ્વકર્માભાઈની બુધવારની મુલાકાત ની તૈયારીમાં વ્યસ્ત હોવાનુ જણાવીને કોલ પુરો કરી દીધો હતો. તેમને પણ મેસેજ થકી સમગ્ર મામલે જણાવવાની વિનંતી કરવામાં આવી હતી. પરંતુ તેમનો પણ કોઈ પ્રતિત્યુર આવ્યો ન હતો.

# રાજયમાં સસ્તા અનાજની દુકાનોમાં હવે દુકાન ઉપર બે વાર ફરજીયાત ચીજ વસ્તુનુ વજન કરાશેઃ અનાજની ઘટની ફરીયાદ બાદ પુરવઠા વિભાગનો નવો નિયમ

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયની સસ્તા અનાજની દુકાનોના સંચાલકો અને પુરવઠા વિભાગ વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોચ્યો છે. સંચાલકોએ તેમની પડતર માંગણીઓ સંતોષાય નહી ત્યાં સુધી ચાલુ મહિનાના જથ્થા માટે પરમીટ જનરેટ કરવા કે વિતરણ કરવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. પરીણામે રાજયભરની ૧૭ હજાર દુકાનોમાં વિતરણ વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે અને ગરીબ રેશનકાર્ડ ધારકો ધકકા ખાઈ રહ્યા છે. પરમીટ જનરેટ કરવાની અંતિમ તારીખ ૩ નવેમ્બર હોવા છતાં, ચલણ જનરેટ ન થતા વિવાદ વધુ વકર્યો છે, સહકારી મંડળીઓ સાથે જોડાયેલા પરવાનેદારો પર સંબંધિત વિભાગો અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા દબાણ કરવામાં આવી રહ્યુ હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે.

આ વિવાદ વચ્ચે પુરવઠા વિભાગે એક નવો પરીપત્ર જાહેર કર્યો છે. લાંબા સમયથી પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી દુકાન સુધી પહોચતા અનાજના જથ્થામાં વારંવાર ઘટ આવતી હોવાની ફરીયાદોને પગલે આ નિર્ણય લેવાયો છે. જેમાં ગોડાઉનમાંથી જથ્થો નીકળે ત્યારે ગોડાઉન સંચાલકોએ વજન કરવુ, બીજી વખત સસ્તા અનાજની દુકાન પર પહોચે ત્યારે દુકાનદારની હાજરીમાં ફરજીયાત બે વાર વજન કરવુ, વજન કર્યા ની નોંધ ડીલીવરી ચલણમાં ફરજીયાત કરવાની રહેશે, જો જથ્થામાં ઘટ જણાશે તો દુકાનદાર જથ્થો પરત મોકલાવી શકશે, જો કે આ નિયમનુ પાલન કરવુ તોલમાપ વિભાગના અધિકારીઓની જવાબદારી છે. જેઓ પોતાની કામગીરી કરવામાં નિષ્ફળ રહ્યા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. સસ્તા અનાજના પરવાનેદારોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે ગત સપ્તાહની બેઠકમાં ગાંધીનગરના એક ઉચ્ચ અધિકારીએ વિતરણ વ્યવસ્થા શરૂ કરાવવા માટે દુકાનદારો સામે પડતર કેસો ખોલવાની ચીમકી આપી હતી. એસોસીએશનના અગ્રણીઓએ આ પ્રકારના દબાણ અને ચીમકીઓને ઈજારાશાહી ગણાવી છે અને જણાવ્યુ છે કે જયાં સુધી તેમની પડતર માંગો સ્વીકારાશે નહી ત્યાં સુધી આંદોલન સમેટવાની કે દુકાનો ખોલવાની કોઈ શકયતા નથી. આ સ્થિતિને કારણે રેશનકાર્ડ ધારક ગરીબ પરીવારો સૌથી વધુ મુશ્કેલીમાં મુકાયા છે.

# ભાજપ સંગઠનમાં હોદ્દો મેળવવા કાર્યકરોનુ ગાંધીનગરના આકાઓ પાસે લોબિંગઃ માનીતા નેતાઓને મળવા ગાંધીનગર દોડયા

પ્રતિનિધિ,ગાંધીનગર



છેલ્લા ઘણા સમયથી ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણુંક બાકી હતી, થોડા દિવસો અગાઉ જ ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની પસંદગી કરવામાં આવી હતી.

જો કે ભાજપે વિવિધ શહેર / જિલ્લાના પ્રમુખોની પસંદગી કરી લીધી પરંતુ સંગઠનમાં કોનો સમાવેશ કરવો તે બાકી રહ્યુ હતું. ત્યારે હવે ભાજપે શહેર / જિલ્લાના હોદ્દેદારોની પસંદગી માટે નિરીક્ષકોને સેન્સ લેવા માટે મોકલતા સંગઠનમાં હોદ્દો મેળવવા કાર્યકરોએ વડોદરાથી પોતાના આકાઓને મળવા ગાંધીનગર તરફ દોડ લગાવી છે.

જેમાં ધારાસભ્યો, સાંસદો, મંત્રીઓ અને નેતાઓ મારો એ સારો ની નીતિના ધોરણે નિમણુંક થાય તેવા આગ્રહ રાખી રહ્યા હોવાની ચર્ચા છે. સનિષ્ઠ અને સક્રિય કાર્યકરોમાં ચાલતી ચર્ચા મુજબ જુના અને સક્રિય કાર્યકરોને ઠેકાણે પાડી દેવાની નેતાઓની સાહમૃગ વૃત્તિ અને અન્ય રાજકીય પાર્ટીને મજબુત કરી શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. મોટા નેતાઓને ભેટ આપો અથવા કમાઉ દિકરાઓ પણ વ્હાલા હોવાની ચર્ચા છે. જેથી નેતાઓ કમાઉ દિકરાઓને સંગઠનમાં સમાવેશ થાય તેવા ધમપછાડા કરી રહ્યા હોવાનુ કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યુ છે.

આજે મંગળવારે વડોદરા શહેર / જિલ્લામાં નિરીક્ષકો આવવાના હોય ત્યારે સંગઠનમાં હોદ્દો મેળવવા માટે કાર્યકરોમાં પુરજોશથી લોંબીગ શરૂ કરવામાં આવ્યુ છે. શહેર અને જિલ્લા કાર્યાલયમાં આજે બુધવારે સંગઠન માટે સંકલન મળશે ત્યારે કેટલાક કાર્યકરો આજે મંગળવારે વહેલી સવારથી માનીતા નેતાઓ અને મંત્રીઓને મળવા માટે ગાંધીનગર ઉમટી પડયા હતા. વરસોથી ભાજપમાં સક્રિય કાર્યકરોની કામગીરી અને મહેનતને ધ્યાનમાં રાખીને હોદ્દેદારોની પસંદગી કરવામાં આવશે કે પછી નેતાઓના ઝબ્બા પકડી એસી કારમાં ફરનાર નવા ચહેરાઓને પસંદગી કરવામાં આવે છે કે કેમ ? તે હવે જોવુ રહ્યું.

# સાપુતારા પોલીસની સફળતા, અઢી વર્ષ જૂની હત્યાનો ભેદ ઉકેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાંગ, ડાંગ જિલ્લાની પોલીસે એક મોટી સફળતા મેળવી છે. લગભગ અઢી વર્ષ પહેલા થયેલી ડાંગના દરાપાડા ગામની યુવતી ભાવિશા ભોયેની હત્યાનો ભેદ ઉકેલી નાખવામાં આવ્યો છે. આ કેસમાં પોલીસે સઘન તપાસ બાદ આરોપીને ઝડપી પાડીને ગુનાનો પર્દાફાશ કર્યો છે. ડાંગ પોલીસે કરેલી સઘન તપાસમાં સામે આવ્યું કે, દિનેશ દેશમુખ નામનો યુવક ભાવિશાનો પરિચિત હતો. દિનેશ ભાવિશાને પોતાની સ્કૂટી પર બેસાડીને વલસાડ જિલ્લાના વિલ્સન હિલ ખાતે લઈ ગયો હતો.ત્યાં કોઈ અજ્ઞાત કારણસર બંને વચ્ચે તકરાર (ઝઘડો) થઈ હતી. આ તકરાર ઉગ્ર બનતા આરોપી દિનેશે આવેશમાં આવીને દુપટ્ટા વડે ભાવિશાના ગળે ફાંસો આપી તેની હત્યા કરી નાખી હતી.ભાવિશાની હત્યા અંગેની ફરિયાદ સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ડાંગ પોલીસે આ ગંભીર અને જૂના કેસની તપાસ હાથ ધરી હતી અને ટેકનિકલ તેમજ માનવીય સોર્સના આધારે અઢી વર્ષ જૂના આ હત્યાના ભેદને ઉકેલી નાખ્યો છે.

પોલીસે આરોપી દિનેશ દેશમુખની ધરપકડ કરીને તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લાંબા સમયથી વણઉકેલાયેલી આ હત્યાનો ભેદ ખૂલતાં મૃતકના પરિવારને ન્યાય મળવાની આશા બંધાઈ છે.